# માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલોપમેન્ટ ઓથોરીટી

ઠે. બ્લોક નં. ૧૧ & ૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર-(૩૮૨૦૧૮)
ફોન : ૦૭૯ ૨૩૨ ૪૦૧૫૦/૨/૪, ફેક્સ : ૦૭૯ ૨૩૨ ૪૮૪૪૩

-: અધિસુચન :-

## ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ની સૂચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ

માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ધ ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ, ૨૦૦૯ની કલમ ૧૫ અને ૧૭ની, ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૨(૧)ની અને ધ ગુજરાત પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ ૧૯૭૯ના રૂલ નં. ૧૮ની જોગવાઈઓ અન્વયે વાંધા, સૂચનો અને રજુઆતો મેળવવા માટે માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ડેવલપમેન્ટ ઓથોરીટીની ૫મી બોર્ડ બેઠક તા. ૨૨/૦૨/૨૦૧૭ના ઠરાવ નં. ૧ થી નિર્ણય લેવાયેલ છે. ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ની સૂચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રી માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ડેવલપમેન્ટ ઓથોરીટીને સત્તા આપવા ઠરાવવામાં આવેલ છે.

આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩નું ક્ષેત્રફળ ૧૫.૦૨ ચો.કી.મી. (૧૫૦૨.૮૦ હેકટર) છે, જેમાં મોજે. સીતાપુર ગામ પૈકીની જમીનોનો સમાવેશ થાય છે.

એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ તૈયાર કરવા માટે ચીફ ટાઉન પ્લાનરશ્રી, જીઆઈડીબીના તા. ૨૭/૦૧/૨૦૧૭ના પત્રથી વિચાર-વિનિમય કરીને પરામર્શ મેળવેલ છે. એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ તૈયાર કરવાનો ઈરાદો માંડલ-બેચરાજી ઓથોરીટીની તા. ૨૨/૦૨/૨૦૧૭ની બોર્ડ બેઠકમાં ઠરાવ નં. ૧ થી જાહેર કરેલ છે.

એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૧(૧) તથા કલમ ૪૧(૨) અને રૂલ્સ, ૧૯૭૯ના રૂલ નં. ૧૬ની જોગવાઈ હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ તૈયાર કરવાના ઈરાદાની જાહેરાત તા. ૨૭/૦૨/૨૦૧૭ના સાધારણ રાજ્યપત્ર ભાગ-૪ C ના વોલ્યુમ નં. LVIII પાનાનં. ૨૩-૧ થી ૨૩-૫ ઉપર તેમજ માંડલ-બેચરાજી ઓથોરીટીની હકુમતમાં બહોળો ફેલાવો ધરાવતા ગુજરાતી વર્તમાનપત્રો (૧) સંદેશ અને (૨) દિવ્ય ભાસ્કરમાં જાહેર બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે.

રૂલ્સ, ૧૯૭૯ના રૂલ નં. ૧૭ની જોગવાઈ હેઠળ સદર સ્કીમ વિસ્તારના જમીન માલિકો અને હિત ધરાવતી વ્યક્તિઓને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ની કામચલાઉ દરખાસ્તની સમજણ આપવા, લોકમત અને સૂચનો મેળવવા સદર મીટીંગમાં હાજર રહેવા જમીન માલિકો/હિત ધરાવતી વ્યક્તિઓના ઉપલબ્ધ સરનામે વ્યક્તિગત નોટિસો દ્વારા તેમજ દૈનિક પત્રો દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરી તા. ૧૩/૦૪/૨૦૧૭ના રોજ ઉમીયાવાડી બેચરાજી, તા. બેચરાજી, જિ. મહેસાણા ખાતે મીટીંગ બોલાવવામાં આવેલ.

માંડલ-બેચરાજી ઓથોરીટીમાં ઉપલબ્ધ, મેળવેલ અને જમીન માલિકો દ્વારા રજુ કરેલ માહિતી આધારે, ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ની કામચલાઉ દરખાસ્તની સદર મીટીંગોમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા, સમજણ અને માહિતી આપવામાં આવી.

સદર મીટીંગમાં હાજર રહેલા જમીન માલિકો / હિત ધરાવતી વ્યક્તિઓ દ્વારા રજુ કરાયેલા આધાર/પુરાવા/વિગતો તેમજ કરાયેલા સૂચનો/રજુઆતો વિગેરે ધ્યાને લઈ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ની મુસદ્દારૂપ સૂચિત દરખાસ્તો તૈયાર કરવામાં આવેલી છે.

એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૨(૧) અને રૂલ્સ ૧૯૭૯ના રૂલ નં. ૧૮ મુજબની જોગવાઈઓ અનુસાર યોજનામાં આવરી લેવાયેલ વિસ્તારનો મુસદ્દો ઘડી જુદા-જુદા નકશાઓ, પત્રકો (એફ ફોર્મ, જી ફોર્મ, વિગેરે) સામાન્ય બાંધકામ નિયંત્રણ નિયમો, વિસ્તૃત અહેવાલ અને અન્ય જરૂરી તમામ સાહિત્ય તૈયાર કરાયેલ છે. જે માંડલ-બેચરાજી ઓથોરીટીની મુખ્ય કચેરી ગાંધીનગર મુકામે નીચેના સરનામે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખેલ છે તથા સમજાવવાની જરૂરી વ્યવસ્થા કરાયેલી છે. વધુમાં નકશાઓ અને જરૂરી વિગતો વેબસાઈટ http ://dholerasir.com/whatsnew.aspx ઉપર મૂકવામાં આવેલ છે.

આ અધિસુચન અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિની તા. ૦૯/૧૦/૨૦૧૭થી ૧ માસની અંદર એટલે કે તા. ૦૮/૧૧/૨૦૧૭ સુધીમાં આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ના મુસદ્દાથી અસર પામેલા વ્યક્તિઓએ આવી યોજના અંગેના કોઈ વાંધા, સૂચનો અને રજુઆતો લેખિતમાં, નીચે દર્શાવેલ સરનામે, લખી જણાવશે તો માંડલ-બેચરાજી ઓથોરીટી એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૭ અને નિયમો, ૧૯૭૯નાં નિયમ નં. ૧૮ હેઠળ ગુણદોષના આધારે વિચારણામાં લેશે અને આખરી મુસદ્દો તૈયાર કરી એપેક્ષ ઓથોરીટી (જીઆઈડીબી)ને એક્ટ, ૧૯૭૬ની કલમ ૪૮(૧) તથા એક્ટ, ૨૦૦૯ની કલમ ૧૭ હેઠળ મંજુરી અર્થે સાદર કરવામાં આવશે, જેની લાગતા વળગતા સૌએ નોંધ લેવા વિનંતી છે.

**ક્રમાંક : એમબીએસઆઈઆરડીએ/ડીટીપીએસ/૧૩૯/૬૪૩૬**
**તારીખ : ૦૯/૧૦/૨૦૧૭**

**સહી/-**
**મુખ્ય કારોબારી અધિકારી,**
**માંડલ-બેચરાજી ઓથોરીટી**
**ગાંધીનગર**

સરનામું : માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧ & ૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર-(૩૮૨૦૧૭)

નોંધ : સદરહું અધિસુચન રાજ્ય સરકારશ્રીના તા. ૦૯/૧૦/૨૦૧૭ના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ નં. ૩૭૫, પાર્ટ IV-C ના પાના નં. ૩૭૫/૧ અને ૩૭૫/૨ ઉપર પ્રસિદ્ધ થયેલ છે.

**માહિતી/૨૦૦૦/૧૭-૧૮**